# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 04-03-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર સોનલ પરમાર વાંચે છે.

***************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બજેટ બાદના વેબિનારમાં વર્ચ્યુઅલી સંબોધન કરતાં કહ્યું કે આજે સરકાર ઉદ્યોગોની પડખે ઉભી છે.

2) ઉત્તરાખંડ સરકારે મહિલા સશક્તિકરણ માટે ‘મુખ્યમંત્રી એકલ મહિલા સ્વરોજગાર યોજના’ને મંજૂરી આપી.

3) મહારાષ્ટ્રના ખાદ્ય, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રી ધનંજય મુંડેએ રાજીનામું આપ્યું.

4) અમેરિકાએ, યુક્રેનને અપાતી તમામ સૈન્ય સહાય બંધ કરી.

5) I.C.C ચેમ્પિયન્સ ટ્રોફી ક્રિકેટમાં આજે ભારત અને ઑસ્ટ્રેલિયા વચ્ચે સેમિ-ફાઈનલ.

..........................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM WEBINAR

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બજેટ બાદના વેબિનારમાં વર્ચ્યુઅલી સંબોધન કરતાં કહ્યું હતું કે આજે સરકાર ઉદ્યોગોની પડખે ઉભી છે..તેમણે ટેકનોલોજીના ઉપયોગ વડે આગળ વધવા ઉપર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું કે, વિશ્વના અનેક દેશો ભારત સાથે ભાગીદારી કરવા ઇચ્છી રહ્યાં છે.

## (BYTE: PM)

MSME ને વૃદ્ધિ, ઉત્પાદન, નિકાસ અને પરમાણુ ઉર્જા મિશન, અને નિયમનકારી, રોકાણ અને વ્યવસાય કરવાની સરળતા સુધારાના એન્જિન તરીકે યોજાયેલા આ વેબિનારમાં  સરકારી અધિકારીઓ, ઉદ્યોગ નેતાઓ અને વેપાર નિષ્ણાતો ભાગ લઇ રહ્યાં છે.. બજેટના પરિવર્તનકારી પગલાંનુ સરળતાથી અમલીકરણ થઇ  શકે. બજેટ જાહેરાતોના અસરકારક અમલીકરણ માટે ખાનગી ક્ષેત્રના નિષ્ણાતો, ઉદ્યોગ પ્રતિનિધિઓ અને વિષય નિષ્ણાતો વેબિનારમાં ઉપસ્થિત રહ્યાં છે.

# UT FINANCE ASSISTANCE

ઉત્તરાખંડ સરકારે મહિલાઓને સશક્ત બનાવવાના ઉદ્દેશથી ‘મુખ્યમંત્રી એકલ મહિલા સ્વરોજગાર યોજના’ને મંજૂરી આપી છે. આ યોજના અંતર્ગત અવિવાહિત, છૂટાછેટા લીધેલા, નિરાધાર અને દિવ્યાંગ એકલી મહિલાઓને 2 લાખ રૂપિયા સુધીની નાણાકીય સહાય અપાશે.

યોજના અંતર્ગત 75 ટકા રકમ અનુદાન તરીકે અપાશે. જ્યારે લાભાર્થીઓને પોતાની તરફથી માત્ર 25 ટકા યોગદાન આપવું પડશે. પહેલા તબક્કામાં સરકારનું લક્ષ્ય ઓછામાં ઓછી બે હજાર મહિલાઓને લાભ આપવાનો છે, જેમાં યોજનાઓના વિકાસના આધારે લાભાર્થીઓની સંખ્યા વધારવાની પણ જોગવાઈ છે.

મહિલા સશક્તિકરણ અને બાળ-વિકાસ મંત્રી રેખા આર્ય-એ આ પહેલને મહિલાઓ માટે મહિલા દિવસની ભેટ ગણાવી છે. તેમણે એ વાત પર પણ ભાર આપ્યો કે, આ યોજના એકલી મહિલાઓને નાણાકીય સ્વતંત્રતા અને આત્મ-નિર્ભરતામાં મદદ કરવા બનાવાઈ છે.

# MAHA-HIGH COURT BUCH

મુંબઈ વડી અદાલતે આજે લિસ્ટિંગ છેતરપિંડીના કેસમાં મૂડીબજારના નિયમનકાર-સેબીનાં ભૂતપૂર્વ અધ્યક્ષ માધવી પૂરી બૂચ અને અન્યને રાહત આપી છે. મહારાષ્ટ્ર એન્ટી કરપ્શન બ્યુરો -ACB ને માધવી પુરી બુચ અને અન્ય સેબી અને બોમ્બે સ્ટોક એક્સચેન્જ -BSEના અધિકારીઓ સામે FIR દાખલ કરવા સામે મનાઇ હુકમ આપ્યો છે.

અગાઉ આ તમામ સામે ખાસ PMLA અદાલતે ફરિયાદ દાખલ કરવા હુકમ કર્યો હતો. શ્રીમતી બુચ અને અન્ય બે લોકોએ આ આદેશને પડકારતી અદાલતમાં અરજી કર્યા બાદ સિંગલ જજ જસ્ટિસ એસ.જી. દિઘેએ તેમને રાહત આપી હતી. અદાલત 1994માં BSE પર એક કંપનીના લિસ્ટિંગમાં કથિત અનિયમિતતાઓ અંગે શ્રીમતી બુચ અને અન્ય પાંચ લોકો સામે FIR નોંધવા ACBને આપેલા ખાસ અદાલતના નિર્દેશ સામેની અરજી પર સુનાવણી કરી રહી હતી.

# MAHA-DEVENDRA FADNAVIS

મહારાષ્ટ્રના ખાદ્ય, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષામંત્રી ધનંજય મુંડેએ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસને રાજીનામું સોંપ્યું છે.

વિધાનભવનમાં પત્રકારો સાથે વાત કરતા, શ્રી ફડણવીસે જણાવ્યું, તેમણે શ્રી મુંડેનું રાજીનામું સ્વીકારી લીધું છે અને આગળની કાર્યવાહી માટે રાજ્યપાલ સી. પી. રાધાકૃષ્ણનને મોકલી દીધું છે. બીડ જિલ્લાના મસ્સાજોગ ગામના સરપંચ સંતોષ દેશમુખની હત્યામાં શ્રી મુંડેના નજીકના સાથીઓની કથિત સંડોવણી બહાર આવ્યા બાદ તેમણે રાજીનામુ આપી દીધુ હતુ.

# JITENDRA DISHA

કેન્દ્રીય રાજ્યમંત્રી ડૉ. જિતેન્દ્ર સિંહે કહ્યું, છેલ્લા દાયકામાં દેશનો સંશોધન અને વિકાસ ખર્ચ બમણો થયો છે. આ ખર્ચ વર્ષ 2013-14માં 60 હજાર કરોડથી વધુનો હતો, જે વધીને 1.27 લાખ કરોડ રૂપિયા થયો છે. ગઈકાલે નવી દિલ્હીમાં દિશાના એક કાર્યક્રમમાં બોલતા ડૉ. સિંહે દિશા કાર્યક્રમ દેશની જ્ઞાન અર્થવ્યવસ્થાને આગળ ધપાવશે અને આત્મનિર્ભર ભારતને મજબૂત બનાવશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું કે, કૃત્રિમ બુધ્ધિમત્તા A.I. બાયોટેકનોલોજી અને ક્વોન્ટમ કમ્પ્યુટિંગમાં સ્વદેશી નવીનતાઓ દેશના આર્થિક ભવિષ્યને આકાર આપશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# MAHA-MLC-BYE-ELECTION

ચૂંટણી પંચે મહારાષ્ટ્ર વિધાન પરિષદની પાંચ બેઠક માટે પેટાચૂંટણી માટેનો ચૂંટણી કાર્યક્રમ જાહેર કર્યો છે. વિધાન પરિષદના સભ્યો રાજ્ય વિધાનસભામાં ચૂંટાવાના કારણે આ પાંચેય બેઠક ખાલી પડી છે. ચૂંટણીનું જાહેરનામું આ મહિનાની 10મી તારીખે બહાર પડશે. જ્યારે ઉમેદવારીપત્રો ભરવાની છેલ્લી તારીખ 17 માર્ચ રહેશે. મતદાન અને મતગણતરી 27 માર્ચે કરાશે.

# MAHAKUMBH EXPERIENCE

ઉત્તરપ્રદેશમાં પ્રયાગરાજમાં યોજાયેલો સૌથી મોટા ધાર્મિક મેળાવડા મહાકુંભમાં આવેલા વિવિધ દેશના રાજદૂતોએ પોતાના અનુભવ રજૂ કર્યા હતા. ઈક્વાડોરના રાજદૂત ફર્નાન્ડો બૂચેલીએ કહ્યું, મહાકુંભે મને ભારતીય લોકો સાથે જોડવાની તક આપી હતી. ગંગા નદીના પવિત્ર જળમાં ડૂબકી લગાવવા બદલ પણ તેમણે ધન્યતા અનુભવી હતી. ગ્વાટેમાલાના રાજદૂત ઉમર લિસેન્ડ્રો કાસ્ટાનેડા સોલારેસે પણ પોતાનો અનુભવ જણાવતા કહ્યું, મહાકુંભના મેળાનો અમારો અનુભવ ખરેખર અવિશ્વસનીય અને આધ્યાત્મિક રહ્યો હતો.

ઉલ્લેખનીય છે કે, 13 જાન્યુઆરીથી 26 ફેબ્રુઆરી સુધી યોજાયેલા મહાકુંભના મેળામાં દેશ-વિદેશથી અનેક અગ્રણી મહાનુભાવોએ પણ આસ્થાની ડૂબકી લગાવી હતી. 144 વર્ષ બાદ યોજાયેલા મહાકુંભમાં 65 કરોડથી વધુ શ્રદ્ધાળુઓ આવ્યા હોવાનું જણાયું છે

# NAMO APP

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નાગરિકોને નમો એપ ઓપન ફોરમ પર વધુ પ્રેરણાદાયી જીવનયાત્રાઓ શેર કરવા વિનંતી કરી.

સોશિયલ મીડિયા સંદેશમાં, શ્રી મોદીએ માહિતી આપી કે, નમો એપ પર શેર કરાયેલી આ યાત્રાઓમાંથી, આ મહિનાની 8મી તારીખે આંતર-રાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે પ્રધાનમંત્રીના ડિજિટલ સોશિયલ મીડિયા એકાઉન્ટ્સના સોશિયલ મીડિયા ટેકઓવર માટે કેટલીક મહિલાઓની પસંદગી કરાશે.

# US AID CLOSE

યુક્રેનના રાષ્ટ્રપ્રમુખ વોલોદીમીર ઝેલેન્સકી અને અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે તેમની યુએસ મુલાકાત દરમિયાન થયેલા સંઘર્ષની હવે પ્રતિક્રિયા આવી રહી છે. વ્હાઇટ હાઉસે કહ્યું કે, રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે યુક્રેનને અપાતી તમામ પ્રકારની અમેરિકી સૈન્ય સહાય પર પ્રતિબંધ મૂક્યો છે. શ્રી ટ્રમ્પે યુએસ સૈન્ય સહાયના શિપમેન્ટને તાત્કાલિક રોકવાનો આદેશ આપ્યો છે.

ગયા અઠવાડિયે ઓવલ ઓફિસમાં યુક્રેનના રાષ્ટ્રપ્રમુખ સાથે તણાવપૂર્ણ વાતચિત બાદ રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પે આ આદેશ આપ્યો હતો. રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પે સ્પષ્ટ કર્યું છે કે, તેમનું ધ્યાન શાંતિ પર છે. યુક્રેનને પણ આ ધ્યેય માટે પ્રતિબદ્ધ થવાની જરૂર છે. વ્હાઇટ હાઉસના અધિકારીએ જણાવ્યું કે, રાષ્ટ્રપ્રમુખના આદેશ બાદ યુક્રેનને સૈન્ય સહાય રોકવામાં આવી રહી છે.

# SEMIFINAL-INDIA-AUSTRALIA

આંતર-રાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ- I.C.C. ચેમ્પિયન્સ ટ્રોફી ક્રિકેટની પહેલી સેમિ-ફાઈનલ મૅચ આજે ભારત અને ઑસ્ટ્રેલિયા વચ્ચે રમાશે. દુબઈમાં રમાનારી આ મૅચ ભારતીય સમય મુજબ, અઢી વાગ્યે શરૂ થશે.

ભારતીય ટીમ સ્પિનર બૉલર્સના જોરદાર પ્રદર્શનની સાથે ટૂર્નામૅન્ટમાં સારું પ્રદર્શન કરી રહી છે. બાંગ્લાદેશ અને પાકિસ્તાન સામે જીત્યા બાદ ભારતે પોતાની અંતિમ લીગ મૅચમાં ન્યૂ ઝિલૅન્ડને પણ 44 રનથી હરાવ્યું હતું. આ જીત સાથે જ ભારત ત્રણ મૅચ જીતીને ગૃપ-એ-માં ટોચ પર છે.

બીજી તરફ ઑસ્ટ્રેલિયાની ટીમ પાસે અનુભવ ન હોવા છતાં સારું પ્રદર્શન કરી રહી છે. જોશ ઇંગ્લિશ, એલેક્સ કૈરી અને એડમ જમ્પા જેવા ખેલાડીઓએ સારું પ્રદર્શન યથાવત્ રાખ્યું છે. તેમ જ સ્ટીવ સ્મિથના સફળ નેતૃત્વમાં ઑસ્ટ્રિલયા એક મોટી ટૂર્નામૅન્ટની બીજી સેમિ-ફાઈનલમાં પહોંચી છે. આ ઉપરાંત ટૂર્નામૅન્ટની બીજી સેમિ-ફાઈનલ મૅચ આવતીકાલે ન્યૂ ઝિલૅન્ડ અને દક્ષિણ આફ્રિકા વચ્ચે પાકિસ્તાનના લાહોરમાં રમાશે. જ્યારે ફાઈનલ મૅચ આ રવિવારે રમાશે.